# ભારતીય સમવાય રાજ્ય પ્રથા સામેના પડકારો

ડૉ. એમ.એમ.જગાણી
મદદનીશ પ્રાધ્યાપક જી.ઈ.એસ, જી.સેટ
રાજ્યશાસ્ત્ર વિભાગ,
એમ.એન.કોલેજ-વિસનગર
જી.મહેસાણા

સમવાયતંત્ર માટે અંગ્રેજી ભાષામાં ફેડરેશન અથવા ફેડરાલિઝમ શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રા.ગિલક્રિસ્ટ આ શબ્દની ઉત્પત્તિ સમજાવતા લખે છેકે તે લેટીન શબ્દ ફોડ્સ ઉપરથી તૈયાર થયો છે, જેનો અર્થ સંધિ અથવા તો કરાર થાય છે. સમવાયતંત્રની રચનામાં બે કે તેથી વધારે રાજ્યો અમુક કારણોસર એકત્ર થઈ પોતાની સાર્વભૌમ સત્તાનો ત્યાગ કરીને કાયમી જોડાણ ધ્વારા નવાજ રાજ્યની કાયમી રચના કરે છે.

આધુનિક સમયમાં સમવાય પ્રકારની સરકાર સૌ પ્રથમ અમેરીકામાં સ્થાપવામાં આવી હતી. સમવાયતંત્રના ઈતિહાસ તરફ જોઈએ તો શરુઆતના ગાળામાં પ્રાચીન ગ્રીસમાં રાજ્યોના 'સંઘો' અથવા તો ૧૪મી અને ૧૫મી સદીમાં સ્વિસ પરગણાઓ અસ્તિત્વમાં આવ્યા હતા. પરંતુ આમાંથી કોઈ પણ નાગરીકો પર પ્રત્યક્ષ અધિકાર ક્ષેત્ર ધરાવે તેવું સમાન સરકારી અંગ ધરાવતું ન હતું. ઘણી વખતતો જોડાણમાંના રાજ્યોમાંનું કોઈ રાજ્ય પ્રબળ પ્રભાવ ધરાવતું હોવાથી અન્ય રાજ્યો પ્રત્યે છવાઈ જતું હતું પરીણામે સરકારના પ્રકારોમાં સમવાય પ્રકારને આધુનિક રાજ્ય અમેરીકાનું પ્રદાન ગણાવી શકાય.

અમેરીકાના સ્વાતંત્ર્ય સંગ્રામથી તેર સંસ્થાનો ઈંગ્લેન્ડના સંસ્થાનવાદી અંકુશમાંથી સ્વતંત્ર બન્યા પછી તેમણી સૌ પ્રથમ સમુહતંત્રની સ્થાપના કરી. આમ છતાં પણ પરિસ્થિતીની જરૂરીયાતોને સંતોષવામાં સમુહ તંત્ર અપૂરતુ સાબિત થતાં તેમાં પ્રતિનિધીઓની સભામાં આ અંગની વિસ્તૃત ચર્ચા થતાં અંતે ૧૭૮૭માં સમવાયી બંધારણનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો.

આ મુસદ્દા મુજબ કેન્દ્ર સ્તરે સરકારી માળખાની રચના કરી અને તેને ચોક્કસ સત્તાઓ સોંપી અને લોકોની સત્તાઓ પોતાની પાસે રાખી આમ અમેરીકન બંધારણે સમવાયીતંત્ર માટેના નમૂનાની ગરજ સારી છે. અને સમય જતાં વિશ્વના ઘણાં રાજ્યોમાં આવા પ્રકારની સરકારો રચાઈ છે.

આ તંત્રમાં રાજ્યોએ પોતાના હિતોનુ રક્ષણ કરવા માટે સમવાયીતંત્રની રચના કરવા દરમિયાન પણ પોતાની સત્તાઓની વિશેષ કાળજી પણ લીધી હતી આ દ્રષ્ટિએ સમવાય સરકારના મુખ્ય કારોબારી એવા પ્રમુખ રાજ્યોના પ્રતિનિધી દ્વારા ચુંટાય એવી જોગવાઈ કરવામાં આવી હતી. સમય જતા આ જોગવાઈ માં પણ ફેરફાર કરવામાં આવ્યો અને મતદાર મંડળ દ્વારા પ્રજા પ્રત્યક્ષ રીતે તેની ચુંટણી કરે તેવી જોગવાઈ કરવામાં આવી. સમવાયી ધારાસભાનો ભાગ ગણાતી સેનેટમાં રાજ્યોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું. બંધારણમાં પણ ફેરફાર ૩/૪ રાજ્યોની સંમતિ સિવાય થઈ શકે નહી. અમુક સમય સુધીમાંતો એવું માનવામાં આવતું હતુ કે, સમવાયી સરકાર અને એકમરાજ્ય સરકારો બંન્ને સાર્વભૌમ સત્તાઓ ધરાવે છે. આ બાબત પર જ્યારે કટોકટી સર્જાઈ ત્યારે દક્ષિણના કેટલાક રાજ્યોએ પોતાની સાર્વભૌમ સત્તાની પુનઃ જાહેરાત કરવાનો અને ૧૯મી સદીમાં ગુલામીના પ્રશ્ન પર અલગ થવાનો પ્રયત્ન પણ કર્યો.પરીણામે ૧૮૬૧માં આંતર વિગ્રહ પણ થયો. આ વિગ્રહે કાયમના માટે એ બાબત નક્કી કરી નાખી કે ‘‘સંયુક્ત રાજ્ય અવિનાશી રાજ્યોનો બનેલો અવિનાશી સંઘ છે.’’

સમવાયતંત્રમાં તેના ઘટકોને અલગ થવાની કોઈ તક આપતો નથી. વરસો દરમિયાન અમેરીકાનું સમવાયતંત્ર ઔપચારીક સુધારાઓ, ન્યાયાધીક અર્થઘટનો તથા રાજકીય પ્રક્રિયાઓ દ્વાવારા બદલાતુ રહ્યુ છે. તે સમયની કસોટીમાં પાર ઉતર્યું છે. અને તેની ગણના અસલ કૃતિ તરીકે થાય છે. તેના પરથી અન્ય પ્રતિકૃતિઓ પણ બનાવી શકાય. એનો તે નમૂનો છે. જેની ગણના અન્ય દેશો માટે અનુકરણ કરવા માટેના નમૂના તરીકે પણ થાય છે.

અમેરીકાના દ્રષ્ટાંતને સહુ પ્રથમ અનુસરનાર રાજ્ય હતુ તેનુ પાડોશી કેનેડા, કેનેડાએ ઈ.સ.૧૮૬૭માં સમવાયીપ્રથાનો સ્વિકાર કર્યો જ્યારે ૧૯૦૧માં ઓસ્ટ્રેલીયામાં આવેલા ઈંગ્લેન્ડના સંસ્થાનોએ સ્વતંત્રતા પ્રાપ્તકરી ત્યારે તેઓએ પણ સમવાયી પ્રથાનો સ્વિકાર કર્યો. ત્યાર બાદ યુરોપમાં સ્વિસ પરગણાએ પોતેજ સમવાય તંત્ર તરીકે પોતાને સંગઠિત કરી લીધુ હતુ. ૧૯મી સદીમાં જર્મની સમવાયી રશિયાના પ્રભુત્વના કારણે એક સામ્રાજ્યમાં ફેરવાઈ ગયુ હતું. બીજા વિશ્વયુધ્ધ બાદ પશ્ચિમ જર્મનીમાં સમવાય તંત્રની પુનઃ રચના કરવામાં આવી હતી. પ્રથમ વિશ્વયુધ્ધ પછી સોવિયેટ સંઘ અને યુગોસ્લાવિયાએ સમવાયતંત્રની સ્થાપના કરી હતી. આમ છતાં પણ તેઓ અન્ય સમવાયતંત્રો કરતા અલગ પડતા હતા.

ત્રીજા વિશ્વમાં જાતીય વિવિધતાઓની વચ્ચેની સમજુતીની વ્યવસ્થા તરીકે સમવાયતંત્રને જોવામાં આવતુ હતુ. ભારત, પાકિસ્તાન, મલેશિયા, નાઈજીરીયા વિગેરે આ હેતુ થી જ સમવાયી વ્યવસ્થા અપનાવી હતી. લેટીન અમેરીકામાં સૌથી વિશાળ રાજ્યો આર્જેન્ટીના, બ્રાઝિલ અને મેકસિકોએ સમવાયી પ્રકારની સરકારો ધરાવે છે. આમ સમવાય રાજ્યોની સંખ્યાનુ પ્રમાણ ઓછુ હોવા છતાં પણ તેઓ વિશ્વની વસ્તીના મોટાભાગ પર શાસન કરે છે.

સુપ્રસિધ્ધ કાનૂનવિદ્ આલ્બર્ટ વેન ડાઈસીના મત મુજબ ‘‘સમવાયી રાજ્ય એક નવી રાજકીય જોગવાઈ છે. જેમાં રાષ્ટ્રની એકતા તથા રાજ્યોના હક્કો વચ્ચે સુમેળ જાળવવાનો હેતુ રહેલો છે.’’

આમ જોઈએ તો સમવાયતંત્રની રચના ઘણા રાજ્યો ભેગા મળીને કરે છે. અને તેમ કરતા તેઓ પોતાનીજ સાર્વભૌમ સત્તાનો ત્યાગ કરે છે. અને સમવાય સરકાર અને એકમ સરકારો અસ્તિત્વમાં આવે છે. આ રચનામાં બંધારણ સર્વોપરી હોય છે. તેમ છતાં બંન્ને સરકારો વચ્ચે કાર્યો તથા સત્તાઓનુ વિભાજન કરીને તેમની વચ્ચેના સંબંધો પણ સ્પષ્ટ કરે છે. સમવાયતંત્રની રચના રાજ્યો વચ્ચેના કરાર તરીકે થયેલ હોવાથી તે કરારને દસ્તાવેજી બંધારણનું સ્વરૂપ આપવામાં આવે છે. ન્યાયતંત્ર તટસ્થ અને સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. અને બંધારણનુ અર્થઘટન કરી મત ભેદોનો ઉકેલ લાવે છે. તેનો નિર્ણય છેવટનો ગણાય છે. સમવાયતંત્રી રાજ્ય નીચે મુજબના લક્ષણો ધરાવે છે.

- ★ સર્વોપરી લિખિત બંધારણ
- ★ અદાલતી સમીક્ષા
- ★ સત્તાનુ સ્પષ્ટ વિભાજન
- ★ તટસ્થ અને સર્વોપરી ન્યાય તંત્ર

હવે ભારતના સંદર્ભમાં આ પધ્ધતિને જોઈએતો સંસ્થાનવાદી સમયમાં ભારતમાં ઈંગ્લેન્ડના ભારતીય પ્રાંતો ઉપરાંત અસંખ્ય રજવાડાઓ અસ્તિત્વ ધરાવતા હતા તેઓ જુદા જુદા પ્રમાણમાં સ્વાયત્તતા ધરાવતા હતા. ઈંગ્લેન્ડના ભારતીય પ્રાંતો માટેની સત્તાઓ સ્વાયત્તતા ની નીતિને અનુસરી હોવા છતાં પણ ભારતના ગવર્નર જનરલ સમગ્ર અંકુશ ધરાવતા હતા. ઈ.સ.૧૯૩૫ના ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટમાં દેશી રજવાડાઓને આવરી લેતા સમવાયીતંત્રની સ્થાપના કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ રાજાઓના ઠંડા પ્રતિભાવોને કારણે તથા બીજુ વિશ્વયુધ્ધ શરૂ થવાને લીધે સમવાયતંત્ર રચી શકાયુ નહી, આમ છતાં પણ ઈંગ્લેન્ડના ભારતીય પ્રાંતોના સંદર્ભમાં અમુક અંશે

સમવાયી મોડલને સ્વિકાર્યું. રજવાડાઓનું એકીકરણ કરવામાં આવ્યું અને ભાષાકીય ધોરણે રાજ્યોની પુનઃ રચના કરવામાં આવી. અત્યારે ભારતમાં ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસીત પ્રદેશો અસ્તિત્વ ધરાવે છે.

ભારતીય બંધારણ સારા પ્રમાણમાં સત્તાના કેન્દ્રીકરણની જોગવાઈ કરે છે. કે.સી.વ્હિયરે ભારતીય સમવાય તંત્રને આભાસી સમવાયતંત્ર તરીકે ઓળખાવ્યુ છે. કારણકે ભારતીય બંધારણ મુજબ ભારતના રાષ્ટ્રપતિને જે કટોકટી સમયની સત્તાઓ આપવામાં આવી છે. તેમાં ભારતીય બંધારણની કલમ ૩૫૨, ૩૫૬ અને ૩૬૦ મુજબ સંઘ સરકાર વિષે સત્તાઓ ધરાવે છે. એટલુજ નહી સત્તા વિભાજનની કેન્દ્ર યાદી સૌથી વધુ ૯૭ વિષયો પર કાયદા ઘડવાની પણ સત્તાઓ ધરાવે છે. અને સંયુક્ત યાદીમાં પણ સંઘ સરકારની સત્તા સર્વોચ્ચ માનવામાં આવી છે. આ દ્રષ્ટિકોણ મુજબ ભારતીય સમવાયતંત્રને ''ક્વાસી ફેડરેશન'' માની શકાય તેમ છે.

ભારતમાં જ્યારે બંધારણનો મુસદ્દો ઘડીકાઢવામાં આવ્યો ત્યારે તમામ ઘટક રાજ્યો સમાન નહતા તેમના રાજકીય વિકાસના પ્રમાણને ધ્યાનમાં લઈને તેમને ચાર પ્રકારમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.

(૧) 'અ' વર્ગમાં નવ રાજ્યો હતા. તેઓ અગાઉ ભારતીય પ્રાંતો હતા.

(૨) 'બ' વર્ગમાં પાંચ રાજ્યો હતા. તેઓ વિશાળ રજવાડી રાજ્યો હતા.

(૩) 'ક' વર્ગમાં પાંચ રાજ્યો હતા. તેઓ નાના રજવાડી રાજ્યો હતા.

(૪) 'ડ' વર્ગમાં જે પ્રદેશોનો વહિવટ કેન્દ્ર સરકાર હસ્તક હતો તેવા રાજ્યો હતા.

ઉપરોક્ત રાજ્યોમાં સ્વાયત્તતાનું પ્રમાણ પણ અલગ અલગ હતું. ઈ.સ.૧૯૫૬માં ભારતીય રાજ્યોની ભાષાકીય ધોરણે પુનઃ રચના કરવામાં આવી. અને સમય જતાં થઈ રહેલી માંગણીઓના પ્રતિભાવ રૂપે કેટલાક કેન્દ્ર શાસીત પ્રદેશોને રાજ્યોનો દરજ્જો આપવામાં આવ્યો. આજે ભારતમાં ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસીત પ્રદેશો અસ્તિત્વ ધરાવે છે.

આધુનિક ભારતને એક રાષ્ટ્ર-રાજ્ય તરીકે ટકાવી રાખવા માટે સમયની માંગ છે. રાષ્ટ્રીય એકીકરણની ભારત માટે તેની પરંપરાગત જીવન પધ્ધતિઓ, સાંસ્કૃતિક વિવિધતાઓનો અને પ્રાદેશીક વિભિન્નતાઓને ધ્યાનમાં લેતાં સામંજસ્ય સાધવા સામાજીક, આર્થિક, સાંસ્કૃતિક તેમજ રાજકીય ક્ષેત્રે સુમેળ સધાય તે જોવુ જરૂરી હોવાથી સમવાયતંત્રી વ્યવસ્થાનો સ્વિકારએ તાતી જરૂરીયાત હતી. આ

માટે ભારતની રાષ્ટ્રીય એકતાને મજબુત બનાવવી પડશે. રાષ્ટ્રીય એકતા એ મહત્વનો માનસિક ખ્યાલ હોવા છતાં આપણા રાષ્ટ્રમાટે નાગરીકો આવી એકતા ધરાવે તે અપેક્ષિત છે.

આ માટે દેશની વિવિધ ભાષાઓ, પહેરવેશ અને ખાનપાનની રીત રસમોનો પરીચય કેળવવો પડશે. તેમજ તેમના પ્રત્યે આદર ભાવ રાખવો પડશે.

સમગ્ર દેશની તમામ જાતીઓ, જ્ઞાતીઓ અને ધર્મના લોકોને રાજ્ય વ્યવસ્થામાં ઉચિત પ્રતિનિધિત્વ મળેતે જોવુ જોઈશે. તમામ પ્રદેશો અને તમામ જાતીઓ, જ્ઞાતીઓ અને ધર્મના લોકોનો સમાન, સામાજીક ,આર્થિક વિકાસ થાય તે માટેની જોગવાઈ કરવી. એટલે શક્ય તેટલા પ્રમાણમાં અસમાનતા ઘટાડવા માટેનો પ્રયત્ન કરવો.

આર્થિક બાબતોએ આધુનિક રાજ્યો વચ્ચે ચાલી રહેલી આંધળી હરીફાઈઓમાં રાષ્ટ્ર-રાજ્યને ટકાવી રાખવા અનેક પડકારો ઉભા થઈ રહેલા છે. ત્યારે ભારતીય સમવાય વ્યવસ્થાની મર્યાદાઓને ધ્યાનમાં લઈ આર્થિક વિકાસ સાધવો અને વિકાસ દર જાળવી રાખવો એ એક મહત્વનો પડકાર છે. રાજકીય દ્રષ્ટીએ એક સાર્વભૌમ રાજ્ય તરીકે ટકી રહેવા આંતરીક અને આંતરરાષ્ટ્રીય પડકારો ને ખાળવાના મહત્વના પડકારો રાષ્ટ્ર સમક્ષ ઉપસ્થિત થયેલ છે. ત્યારે આ અંગે ગંભીર ચિંતનનો સમય આવી ગયો છે. વર્તમાન યુગમાં રાજ્ય એક સંસ્થા તરીકે અસ્તિત્વમાં આવ્યુ ત્યારે તેની મુખ્ય ભૂમીકા સલામતી ઉભી કરવાની હતી.

કાયદો અને વ્યવસ્થા જાળવવાના સંદર્ભમાં રાજ્યની આ ભૂમિકા આજે પણ યથાવત છે. આ ઉપરાંત આર્થિક વિકાસ માટે મોકળાશ ભર્યું વાતાવરણ ઉભુ કરવાની અને નબળા વર્ગોનું કલ્યાણ કરવાની બાબતોમાં પણ તેની જે ભૂમિકા સ્વીકારવામાં આવી છે. તેમાંથી તે બહાર નીકળી તેનુ અસ્તિત્વ ટકી રહે તે જરૂરી છે. વર્તમાન સમયમાં ખાનગીકરણને લીધે સમાજમાં બજારનુ પ્રભુત્વ વધી રહ્યુ છે. તેથી રાજ્ય બજાર ઉપર જરૂરી અંકુશ રાખી શકશે કે કેમ? એવો સવાલ ઉભો થયેલ છે. દુનિયાભરમાં ૫૦,૦૦૦ જેટલી બહુ રાષ્ટ્રીય કંપનીઓ કાર્ય કરે છે. અને તેમનું કામકાજ અનેક નાનાં રાજ્યો કરતા મોટુ હોય છે. આ કંપનીઓ રાજ્યની નિતીઓ પર પ્રભાવ પાડવાનુ કામ કરે છે. અને રાજ્ય રમકડું થઈ ગયું છે. એમના પર અંકુશ રાખવાનું જાણે કે રાજ્ય માટે અશક્ય બની ગયું છે.

રાજ્યમાં હવે દિવસે દિવસે લોકોનો અવિશ્વાસ વધી રહ્યો છે કારણકે ઘણાં રાજકર્તાઓ ભ્રષ્ટ અને ગુનેગારો હોય છે. કાયદાના શાસનથી રાજકારણીઓ બંધાયેલા નથી અને રાજ્ય વંચિતો-

ગરીબોની સમસ્યાઓ ઉકેલવામાં નિષ્ફળ ગયું છે. એમ લોકો દ્વારા સમજવામાં આવે છે. વળી પર્યાવરણની સમસ્યાઓ એટલીબધી વિકરાળ બનતી જાય છે કે રાજ્ય તેનો ઉકેલ લાવવામાં અસક્ષમ છે. એમ સમજાઈ રહ્યું છે. રાજ્યમાં વધતો અવિશ્વાસ ઓછા મતદાન કે મતદાનના બહિષ્કારમાં પ્રતિબિંબિત થાય છે.

ઉપરોક્ત મુદ્દાઓ ને ધ્યાનામાં લેતા જણાય છે કે રાજ્યનું અસ્તિત્વ તો ચાલુજ રહેશે પણ રાજ્યની ભૂમિકા સતત બદલાતી રહેશે. સ્થાનીક અને વૈશ્વિક સ્તરની સમસ્યાઓના ઉકેલ માટે રાજ્યે વધુ સક્રિય ભૂમિકા ભજવવી પડશે.

ભારતીય સમવાયતંત્ર સામે નીચે મુજબના પડકારો ઉભા થયેલ છે. જેમાંથી બહાર આવવા રાજ્યની ભૂમિકા વધુ સક્રિય બનાવવી પડશે. દેશમાં વધતા જતા આતંકવાદે એક મોટો પડકાર ઉભો કર્યો છે કારણ કે આતંકવાદીઓની હિંસાને લીધે આંતરીક સલામતી પુરી પાડવાનુ કાર્ય વિકટ બની રહ્યુ છે. રોજ-બરોજ આતંકવાદીઓ નવા રાષ્ટ્ર-રાજ્ય માટે પ્રયાસ કરતા રહે છે. તેમાંથી રાષ્ટ્રને બચાવવાના સવાલો ઉભા થયા છે.

અનેક વિવિધતા ધરાવતા ભારતીય લોકતંત્રમાં વિભિન્ન પ્રદેશોના લોકો તેમની ભૌગોલિક એકતાને વિશેષ પ્રાધાન્ય આપી રહ્યા છે. તેમાંથી પ્રદેશવાદ ઉભો થયો છે. ગોરખાલેન્ડ,બોડોલેન્ડ, તેલંગાણા, ભીલીસ્તાન, વિદર્ભ, ખાલીસ્તાન, નાગાઓ અને કુકીઓની સમસ્યાઓ એ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. આ દરેક પ્રદેશના લોકો પોતાના પ્રદેશને સમગ્ર રાષ્ટ્ર કરતાં વધારે મહાન ગણે છે. અને તેમની માંગણીઓને વિશેષ મહત્વ આપે છે. તેનાથી રાષ્ટ્રના ટુકડા થવાની સંભાવનાઓ વધી જાય છે.

કોર્પોરેટ જગત પોતાના નફાને જ મહત્વનો ગણે છે. રાષ્ટ્ર કે રાજ્ય તેમના માટે અગત્યના નથી. મલ્ટિનેશનલ કંપનીઓના વ્યવહારો રાષ્ટ્ર-રાજ્યોની સીમાઓમાં બંધાઈ રહેવા માગતા નથી આવી કંપનીઓને રાષ્ટ્ર પ્રત્યે વફાદાર બનાવવા કેવી રીતે? તે કદાચ રાષ્ટ્ર-રાજ્યો સામેનો સૌથી મોટો પડકાર છે. ભારતીય સમવાયતંત્ર પણ તેમાંથી બચી શકે તેમ નથી.

ધર્મ જનૂન ધર્મ પ્રત્યેના મહત્વથી અને પોતાના ધર્મના બધા લોકો એક રાષ્ટ્ર છે તેવા ખ્યાલ માંથી ઉભુ થાય છે. તેને પરીણામે રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી પહેલા ધર્મ પ્રત્યેની મમતા મહત્વની બને છે. દરેક ધર્મના લોકો કે પછી જુદા જુદા ધર્મના કે સંપ્રદાયના લોકો પોતાને અલગ રાષ્ટ્ર સમજે છે ત્યારે

પણ દેશના ટુકડા થાય છે.અને અલગ રાષ્ટ્ર-રાજ્યો જન્મે છે. ભારત પણ તેમાંથી પસાર થઈ ચુક્યુ છે. ત્યારે આ પડકારને પહોંચી વળવા સક્ષમ થવું પડશે.

આધુનિક રાષ્ટ્ર-રાજ્યો સામે અને તેના સાર્વભૌમત્વની સામે આંતરરાષ્ટ્રીયવાદ એક મહત્વનો વૈચારીક પડકાર ઉભો થયો છે. કારણકે જગત હવે પરિવહન અને સંચારના સાધનોને લીધે ઘણું નાનું બની ગયુ છે. અને તે વૈશ્વિક-ગ્રામ કહેવાય છે. તેથી રાજયના સાર્વભૌમત્વનો ખ્યાલ ઘસાતો જાય છે. અને તેને પરીણામે રાષ્ટ્ર-રાજ્ય પણ જરી પુરાણી વિભાવના બની રહે છે. એમ કહીએ તો ખોટુ નથી.

ભારતીય તેમજ વિશ્વના સમવાયતંત્રના અભ્યાસ પરથી તેમાં પ્રવર્તતા આધુનિક વલણો આ પ્રમાણેના ગણાવી શકાય.

(૧) સમવાય સરકારના કાર્યક્ષેત્રમાં વધારો થઈ રહ્યો છે. જેમાં એકમ સરકારોને અનુદાન, સત્તાનુ વિભાજન અસમાન રીતે, અદાલતી સમિક્ષા, આર્થીક આયોજન અને કટોકટી સમયની સત્તાઓ તેમજ વિશ્વ સમવાયતંત્રના ખ્યાલ દ્વારા આશા રાખી શકાય કે રાજ્ય વૈશ્વિક રાજ્ય બનીને માનવ કલ્યાણમાં પોતાનું યોગદાન આપતુ રહેશે.

વ્યાપક દ્રષ્ટિએ વિચારીએતો સમવાયતંત્ર વ્યક્તિ સ્વતંત્રતાની જાળવણી માટેના સત્તા કેન્દ્રોના વીખરાઈ જવાના સિધ્ધાંતને સ્પર્શ કરે છે. એવી કઈ શરતો છે કે જે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સમતુલા જાળવી રાખવા માટે મદદ રૂપ બને છે. જ્યારે-જ્યારે રાષ્ટ્રીય સર્વસંમતી માં ભંગાણ પડે છે ત્યારે-ત્યારે તે સમવાયતંત્રના ભંગાણમાં પરિણમે છે. આ પ્રમાણે ઈ.સ.૧૯૭૧માં પાકિસ્તાનમાં બન્યુ જ્યારે પૂર્વ પાકિસ્તાને અલગ થઈ જઈને બાંગ્લાદેશ નામ ધરાવતા નવા રાજ્યની સ્થાપના કરી. બીજી શરત સોદાબાજી અને સર્વસંમતિ સાધવા પર કેન્દ્રીત થયેલી છે. તેનો અર્થ થાય છે, સત્તાઓનુ વિકેન્દ્રીકરણ જેથી કરીને ઘટકરાજ્યો વધારે પ્રમાણમાં સ્વાયત્તા ભોગવી શકે, અને રાષ્ટ્રીય નીતીઓની વિરૂધ્ધમાં પણ વર્તીશકે તેથી જ્યાં સત્તાનું કેન્દ્રીકરણ થતુ હોય છે. તેવા સર્વસત્તાવાદી અથવા બિનલોકશાહી રાજ્યો સાથે સમવાયતંત્ર સુસંગત નથી. ત્રીજી શરત પ્રમાણે જો રાજ્યોએ ખરેખરી સ્વાયત્તતા ભોગવવી હોય તો બીન-કેન્દ્રીકૃત થયેલી પક્ષ પધ્ધતિ હોવી જોઈએ. વ્યવહારમાં ખુબજ કેન્દ્રીકૃત થયેલ રાજકીય પક્ષો રાજ્યોને આપવામાં આવેલી સ્વતંત્રતાને બીન-અસરકારક બનાવે છે. આવી પરિસ્થિતીઓમાં સમવાયી સિધ્ધાંત અવાસ્તવિક બની જાય છે. જેમ કે સોવિયેટ બંધારણ એકમોને ત્યાં સુધી સ્વાયત્તતા આપે છે કે તેઓને સમવાયીતંત્ર માંથી અલગ થવાની પણ છુટ છે. આમ છતાં સોવિયેટ સંઘના

સામ્યવાદી પક્ષમાં ખુબજ પ્રમાણમાં સત્તાનુ કેન્દ્રીકરણ થયેલુ છે. અને તેની પોલિટબ્યુરો નિર્ણય કરવાની સર્વોપરી સત્તા ધરાવે છે. પરીણામે સોવિયેટ સંઘમાં અલગ થવાના હક્કનો ઓછો ઉપયોગ થાય છે. અમેરીકામાં બે રાષ્ટ્રીય પક્ષોએ માત્ર કોંગ્રેસ તથા પ્રમુખ પદ માટેની ચુંટણીઓ અંગે સંગઠિત થયેલ પ્રાદેશિક હિતોનુ જોડાણ છે. ભારતમાં પણ જેઓ રાજ્યોમાં પોતાના ટેકા માટેના પાયા ધરાવતા હતા, તેવા જુથોના નેતાઓની સત્તા દ્વારા ઘણા સમય સુધી પ્રભુત્વ ધરાવતા કોંગ્રેસ પક્ષની કાર્યકારી સમિતિની સત્તાને સમતુલિત કરવામાં આવી હતી.

છેવટની પરંતુ અગત્યની શરત પ્રમાણે સમવાયતંત્રની રચના લગભગ સમાન કદ અને સાધન સામગ્રી ધરાવતા રાજ્યો ધ્વારા થવી જોઈએ. ઓછામાં ઓછું તેમાં અન્ય સભ્યો પર છવાઈ જાય તેવું એક પણ વિશાળ પ્રભુત્વ ધરાવતું રાજ્ય ન હોવું જોઈએ. આવાં અનેક એકમોનું પ્રભુત્વ તમામ રાજ્યો વચ્ચેની સમાન ભાગીદારીને મુશ્કેલ બનાવે છે. દા.ત.પાકિસ્તાન કે જ્યાં પંજાબીઓ વિષમ પ્રમાણમાં વધુ સંખ્યા ધરાવે છે, તથા ખુબ શક્તિશાળી છે.

અસ્તુ

સંદર્ભ:-


(૧) રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-૨, નવમી આવૃત્તિ-૧૯૯૭
પ્રા.ડી.એન.પાઠક અને પ્રા.હસમુખ પંડ્યા પેજ નં.૭૧

(૨) ગિલક્રિસ્ટ આર.એન.: પ્રિન્સિપાલ ઓફ પોલીટેકનિકલ સાયન્સ(૧૯૩૨)
પૃ-૩૭૫

(૩) ફાઈનર હર્મન: થિયરી એન્ડ પ્રેક્ટિસ ઓફ મોર્ડન ગવર્નમેન્ટ(૧૯૫૪)
પૃ-૧૬૬

(૪) ગાર્નર જે.ડબલ્યુ.: પોલીટીકલ સાયન્સ એન્ડ ગવર્નમેન્ટ(૧૯૫૨) પૃ-૩૪૮

(૫) લિકોક સ્ટીફન: એલિમેન્ટ્સ ઓફ પોલીટીકલ સાયન્સ(૧૯૩૬) પૃ-૨૩૧-૩

(૬) વ્હિયર કે.સી.:ફેડરલ ગવર્નમેન્ટ(૧૯૫૬) પૃ-૧૨-૩

(૭) શાહ હેમંતકુમાર: ‘‘રાજ્યશાસ્ત્ર’’ પેજ નં.૧૫

(૮) પંડ્યા હસમુખ: ‘‘રાજ્યશાસ્ત્ર પરીચય’’ ભાગ-૨ પેજ નં. ૫૯